આંક-૦૬

| | |
|---|---|
| રજુ તારીખ | ૩૧/૦૭/૨૦૧૭ |
| દાખલ તારીખ | ૩૧/૦૭/૨૦૧૭ |
| ફેંસલ તારીખ | ૨૯/૧૨/૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ :૦૫ માસ:૦૪ દિન:૨૯ |

**મે.મજુર અદાલત, અમદાવાદના પ્રિસાઈડિંગ ઓફિસરશ્રી એચ.કે.મેરીયા સાહેબ સમક્ષ**
**રેફરન્સ (ટી) નં. :૫૨૫/૨૦૧૭**

**પ્રથમ પક્ષકાર :** મે.મુખ્ય ન્યાયાધીશશ્રી
અમદાવાદ ગ્રામ્ય કોર્ટ, મીરઝાપુર કોર્ટ,
મીરઝાપુર, અમદાવાદ.

**: વિરૂધ્ધ :**

**બીજા પક્ષકાર:** મકવાણા કાન્તાબેન કેશાભાઈ
ઠે. ૪૦૨,૪૦૩, શિલ્પ-૨, સેલ્સ ઈન્ડીયાની બાજુમાં,
આશ્રમ રોડ, ઈન્કમટેક્ષ, અમદાવાદ.

હાજર રહયા : પ્રથમ પક્ષકાર તરફે : ---------
બીજા પક્ષકાર તરફે : શ્રી પ્રશાંત મહારાજા

**-:: એવોર્ડ ::-**

**૧.** આ કામમાં સગવડતા ખાતર હવે પછી આ કામના બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકારને અનુક્રમે 'અરજદાર' અને 'સામાવાળા' તરીકે સંબોધવામાં આવશે.

**૨.** આ કામના અરજદારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ આઈ.ડી.આર. કેસ નં.૧૦/૧૬ દાખલ કરેલ હતો, જે કન્સીલેશન કાર્યવાહીમાં સમાધાન નહી થતાં મદદનીશ શ્રમઆયુકતશ્રી ધ્વારા અરજદારને સુધારેલી જોગવાઈઓ મુજબ સીધી મજુર અદાલતમાં અરજી કરવાની થતી હોય તેવી જાણ કરતા અરજદાર તરફેથી હાલના કામે આંક-૧ થી માંગણા નિવેદન રજુ કરેલ છે.

**૩.** અરજદારે આ કામે તેઓના માંગણાના નિવેદનમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના સામાવાળા સંસ્થા ધ્વારા તેઓને તા.૧૬/૧૦/૨૦૧૫ ના રોજ નોકરીમાંથી છુટા કરેલ છે. જેથી અરજદારે પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત તમામ આનુષાંગિક લાભો સહિત

નોકરીની મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરે તેવો હુકમ આ કામના સામાવાળાને કરવા અરજ ગુજારેલ છે. સદર કેસનુ રેકર્ડ વંચાણે લેતાં આ કામે આંક–૦૩ થી સામાવાળાને ધોરણસરની નોટીસની બજવણી મુદત તા.૯/૧૦/૧૭ ના રોજ થવા છતા આ કામે સામાવાળા તરફેથી આજદીન સુધી સદર કામે કોઈ જવાબ રજુ કરવામાં આવેલ નથી કે અરજદાર પક્ષેથી સામાવાળા નો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવાની કોઈ કાર્યવાહી કરેલ નથી જેથી આ કામે તબકકાવાર બંને પક્ષોના પુરાવા રજુ કરવાના હકકો બંધ કરવામાં આવેલ છે અને સદર કામ હુકમ ઉપર લેવામાં આવેલ છે.આમ, ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતો ધ્યાને લેતા સદર કામે અરજદારપક્ષને પુરતી તકો આપવા છતા સદર કેસમાં હાજર રહીને કોઈ કાર્યવાહી કરેલ નથી કે આજદીન સુધી સદરહુ કેસમા કોઈ મુદત રીપોર્ટ અરજદારપક્ષેથી રજુ થયેલ નથી અને વધુમા સદરહુ કેસ સને ૨૦૧૭ ની સાલનો હોય તેમજ ના.ગુજરાત હાઈકોર્ટનો જુના કેસોનો ઝડપીથી નિકાલ કરવા સબંધે માર્ગદર્શન હોઈ, જેથી રેકર્ડ પરની તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારપક્ષને તેમનો હાલનો કેસ આગળ ચલાવવામાં રસ ન હોવાનુ ફલીત થાય છે. આ કામે અરજદાર તેમના માંગણાના નિવેદનની હકીકત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી હાલનો કેસ અરજદારપક્ષેથી આગળની કાર્યવાહી ન કરવા સબબ પુરાવાના અભાવે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૪.** લેબર કોર્ટ, અમદાવાદની રજીસ્ટ્રી ધ્વારા લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ અન્વયેના પ્રકરણ ૮ ના નિયમ ૩૨ ની જોગવાઈ મુજબ સંબંધીત પક્ષકારને હાલનો એવોર્ડ પ્રસિધ્ધ થયા બાદ તેની નકલ આપવા અંગે નિયમ અનુસારની કાર્યવાહી કરવી.

તારીખ :૨૯/૧૨/૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)
CODE : GJ01279
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબર કોર્ટ, અમદાવાદ.